સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૮–૧૨–૨૦૦૧ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

::::::::::::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૪–૧૨–૦૧ ના પત્ર નં.સીમીસ/૮/૩૬ થી વિદિત થઈ, સમિતિની સભામાં હાજર રહેલા ઈચાટાઉન પ્લાનરશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ, નગર રચના યોજના નં.૪૧ (ડીંડોલી) માં સમાવિષ્ટ થતી જમીનોના જમીનમાલિકો/હિતસંબંધ ધરાવનારી વ્યકિતઓ પાસેથી વાંધા/સુચનો મેળવવા માટે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૨(૧) તથા કલમ–૪૭ મુજબની કાર્યવાહી કરવાની રહે છે તથા આ યોજનાની દરખાસ્તથી અસર પામતી કોઈપણ વ્યકિતઓ યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધા/સુચનો આ પ્રસિધ્ધી સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની મુદતમાં સુરત મહાનગરપાલિકાને મોકલી આપવાની રહે છે તેમજ સદર નગર રચના યોજનાને ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ–૪૨(૧) અને અધિનિયમોના નિયમો ૧૯૭૯ ના નિયમ–૧૮ અન્વયે જાહેર સ્થળોએ તેમજ તે માટેના અધિસુચનની પ્રસિધ્ધી સરકારી રાજયપત્રમાં તથા સ્થાનિક વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા કોઈપણ બે વર્તમાનપત્રમાં એક વખત પ્રસિધ્ધ કરવાની તેમજ સ્કીમ વિસ્તારમાં જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવાની જરુરીયાત રહે છે. તેથી સદરહુ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજૂરી આપવાનુંતથા તે અંગે સરકારશ્રીમાં જરુરી પત્રવ્યવહાર કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૯૫/૨૦૦૧ સર્વાનુમતે મંજૂર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૨૮ –૧૨–૦૧.